# સે-૨૧ શાકમાર્કેટમાં મધરાતે બે દુકાનો અને બે ગલ્લામાં આગ



## અંદાજે ચાર થી પાંચ લાખનો માલ સામાન બળીને ખાખ : ફાયર બ્રિગેડે આગને કાબુમાં લીધી ગેસના બાટલા ફાટે તે પહેલા ખસેડી લેવાતા મોટી દુર્ઘટના ટળી..!

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ શાક માર્કેટમાં ગઈ મોડી રાત્રે એકાએક બે દુકાનો અને બે ચા-નાસ્તાની લારીઓમાં આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમને જાણ થતા ઘટના સ્થળે તાબડતોબ કાફલો પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતા અટકાવી દઈ મોટી માલહાની થતાં બચાવી લીધી હતી. ચા નાસ્તાની લારીમાં મુકેલા કોમર્શીયલ ગેસના બાટલા ફાટે તે પહેલા ફાયરબ્રિગેડની ટીમે ખસેડી લઈને મોટી દુર્ઘટના સર્જાતા અટકાવી દીધી હતી. આ અંગે દુર્ઘટનામાં અંદાજે ૪ થી ૫ લાખનો માલસામાન બળીને ખાખ થઈ ગયો છે.

સેકટર-૨૧ શાક માર્કેટની અંદરના વિસ્તારમાં સ્થિત દુકાનો પૈકી સે-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં રહેતા વિષ્ણુભાઈ પ્રજાપતિની બે દુકાનો એન્જલ નોવેલ્ટી અને તેની બાજુમાં સ્થિત ધીરુભાઈ વાઘેલાની ચા નાસ્તાની બે લારીઓમાં રાત્રે અચાનક આગ ભભુકી ઉઠી હતી દુકાન માલિકને આગ અંગે જાણ થતા ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને બંધ શટરને તોડીને તેમાં લાગેલી આગ ઓલવવા પાણીનો મારો ચલાવ્યો હતો.

એન્જલ નોવેલ્ટીમાં પડેલો અંદાજે ચાર થી પાંચ લાખનો માલ બળીને ખાખ થઈ ગયો હતો. જો કે ફાયરબ્રિગેડની ટીમે આગને વધુ પ્રસરતા અટકાવી દીધી હતી અને ચા નાસ્તાની લારીમાં પડેલા ત્રણ ગેસના બાટલા સમય સુચકતા દાખવીને બહાર ખેંચી લેતા બ્લાસ્ટ થતા રહી ગયો હતો. સદનસીબે આ દુર્ઘટના રાત્રે બની હોવાથી કોઈ અવરવજર નહીં હોવાને કારણે કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. આગ લાગવા પાછળનું કારણ પણ હજુ સ્પષ્ટ થઈ શકયું નથી.



## દૂષણ મુક્ત સમાજ રચના માટે યુવાનો નેતૃત્વ કરે : હીના પટેલ

ગાંધીનગર, તા. ૮

દૂષણમુક્ત સમાજરચના માટે યુવાનોને નેતૃત્વ લેવા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે આજે અપીલ કરી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સમાજ કલ્યાણ શાખા દ્વારા નશાબંધી પખવાડિયાની ઉજવણીના સમાપન પ્રસંગે બોલતાં શ્રીમતિ હીના પટેલે જણાવ્યું હતું કે નશો જ વિનાશનું કારણ હોય છે. તેમણે કહ્યું કે દૂષણ મુક્ત અને વ્યસનમુક્ત સમાજરચના માટે યુવાનોએ જ પહેલ કરવી પડશે.

વ્યસનોના પ્રકાર બદલાતા જાય છે અને સામાજિક દૂષણો પણ વધ્યા છે આ વિષચક્રને નાથવુ એ સમયની માંગ છે. તેમણે કહ્યું કે સ્વચ્છતા થકી આપણે આપણા જીવનને સ્વસ્થ બનાવવાનો સંકલ્પ કર્યો છે તેમ આપણે દૂષણમુક્ત અને વ્યસનમુક્ત સમાજની રચના માટે કટિબદ્ધ બનીએ.

આ પ્રસંગે જિલ્લાના અધિકારીઓ અને ગ્રામભારતી પંથકના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મહિલાઓ દ્વારા બનાવેલ વિવિધ વસ્તુઓના સ્ટોલ લગાવાશે

ગાંધીનગર, તા. ૮

જી.ઈ. ક્લબ અને સમાજ કલ્યાણ સંઘ દ્વારા મહિલાઓએ જાતે બનાવેલ હસ્તકલાના સ્ટોલ મુકવામાં આવશે. તા. ૧૧ અને ૧૨ ઓક્ટોબર દરમિયાન સવારે ૯ થી સાંજે ૯ સુધી મહિલા સિવણવર્ગ, સેક્ટર-૨૨ ખાતે સ્ટોલ મુકવામાં આવશે. જેમાં બહેનોએ બનાવેલ વિવિધ ઘરેલુ ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવશે. બહેનોએ બનાવેલ લેધરવર્ક, ટ્રાવેલીંગ બેગ, પર્સ, પુરુષો માટેના વોલેટ, લાકડાની બનાવટો, જ્વેલરી અને ફરસાણનું વેચાણ કરવામાં આવશે. નગરની જનતાને દિવાળીના સમયે લાભ લેવા માટે સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## પેથાપુરની કીર્તિરાજ સોસાયટીમાં અઠવાડીયાથી પાણી આવતુ નથી

### ઉગ્ર રજૂઆતના અંતે આજે ટેન્કર દ્વારા પાણી અપાયું : રહીશોમાં આક્રોશ પાણીની સમસ્યા હલ થતી નથી

ગાંધીનગર, તા. ૮

પેથાપુરની કીર્તિરાજ સોસાયટીમાં પાણીની પોકાર ઉઠવા પામી છે, છેલ્લા એક અઠવાડીયાથી પાણીનો સપ્લાય બંધ થઈ જતા સ્થાનિક રહીશો મુંઝવણભરી સ્થિતિમાં મુકાઈ ગયા છે. આ મામલે સોસાયટીની મહીલાઓએ આજે પેથાપુર નગરપાલિકામાં ઉગ્ર રજૂઆત કરી હતી. જેના અંતે ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવામાં આવ્યું હતું.

શહેરને અડીને આવેલા પેથાપુર ગામમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. પેથાપુરમાં સ્થિત કીર્તિરાજ સોસાયટીમાં છેલ્લા એક અઠવાડીયાથી પાણી ન આવતા રહીશો દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે. સોસાયટીમાં પાણી ન આવતા રહીશોએ રોજિંદા કામ માટે પણ હાલાકી ભોગવવી પડે છે. જ્યારે ગામના આસપાસના વિસ્તારમાં ફોર્સથી પાણી ઉપલબ્ધ થાય છે. પરંતુ કીર્તિરાજ સોસાયટીમાં સ્થિત ૧૨૦ જેટલા મકાનોમાં પાણી ન આવતા રહીશોમાં ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે આજે સોસાયટીની મહીલાઓએ પેથાપુર નગરપાલિકાની ઓફિસે રજૂઆત કરી હતી. નગરપાલિકાનો પાણીનો બોર પણ નજીકમાં જ સ્થિત છે. આવા સંજોગોમાં સ્થાનિક સત્તાધીશો પણ પાણીના પ્રશ્ને કોઈ પગલા હાથ ન ધરતા રહીશો દયાજનક હાલતમાં મુકાઈ ગયા છે. આજે ઉગ્ર રજૂઆતના અંતે આ વિસ્તારમાં ટેન્કર મારફતે પાણી પુરૂ પાડવામાં આવ્યું હતું.

## માહિતી ખાતાના ફોટોગ્રાફર જગદીશ મેવાને ભાવભર્યુ વિદાયમાન અપાયું

ગાંધીનગર, તા.૮

રાજયના માહિતી ખાતાના મુખ્ય ફોટોગ્રાફરશ્રી જગદીશ મેવાએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેતાં તેઓશ્રીને સંયુકત માહિતી નિયામકશ્રી અરવિંદભાઈ પટેલના વરદહસ્તે નાયબ માહિતી નિયામકશ્રી જી.આર. સંગાડાની ઉપસ્થિતિમાં ભાવભર્યું વિદાયમાન અપાયું હતું.

આજે ગાંધીનગર ખાતે માહિતી ખાતાની ન્યુઝ એન્ડ મીડિયા રીલેશન શાખામાંથી વિદાય લેતા શ્રી મેવાને વિદાય આપવા યોજાયેલ સમારોહના અધ્યક્ષસ્થાનેથી બોલતાં શ્રી અરવિંદ પટેલે કહયું કે, સરકારી ફરજોમાંથી નિવૃત્ત થવું એ એક પરંપરા છે દરેકે નિવૃત તો થવાનું જ છે ત્યારે નિવૃત્તિ બાદનું જીવન પ્રવૃત્તિમય રહે તો જ ભાવી જીવન સુખમય નીવડે છે એ માટે મેવાનીને પ્રવૃત્તિમય રહેવા સૂચન કર્યું હતું.

નાયબ માહિતી નિયામકશ્રી જી.આર. સંગાડાએ શ્રી જગદીશ મેવાને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, માહિતી ખાતાની કામગીરી એ અત્યંત સમયબધ્ધ અને કાળજીપૂર્વકની સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોય છે ત્યારે અદ્યતન ટેકનોલોજીના યુગમાં શ્રી મેવાએ વય પ્રમાણે તાલમેલ મીલાવીને સુપેરે ફરજો અદા કરી છે તે આપણા સૌ માટે ગૌરવ સમાન છે તેમણે શ્રી મેવાને ભાવી જીવન સુખમય નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી. સહાયક માહિતી નિયામકશ્રી મુકુંદ પટેલ, શ્રી જયેશ દવે સહિત વિવિધ સંવર્ગના કર્મચારીઓએ પોતાના વિચારો રજૂ કરી શ્રી મેવાને શુભેચ્છાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ સંચાલન સહાયક માહિતી નિયામકશ્રી ભાનુભાઈ દવેએ કર્યુ હતું અને શ્રી મેવાની ૨૩ વર્ષની નોકરીની વિશિષ્ટતાઓ રજૂ કરી હતી.



આ પ્રસંગે સહાયક માહિતી નિયામકશ્રી આર.પી. ક્રિશ્ચીયન, માહિતી ખાતાના વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રમુખશ્રી દિનેશ ચૌહાણ સહિત ન્યુઝ એન્ડ મીડિયા રીલેશન શાખાના કર્મચારીઓ અને અધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહીને શ્રી મેવાને શુભેચ્છાઓ આપી હતી.

## ખ-૦ સર્કલેથી ચાર શખ્સો પીધેલા ઝડપાયા

ગાંધીનગર, તા.૮

સે-૭ પોલીસ આજે સવારના અરસામાં ખ-૦ સર્કલ પાસે ચેકીંગમાં હતી તે દરમિયાન તબક્કાવાર ચાર શખ્સોને દારૂ પીધેલી હાલતમાં વાહન પર જતાં પકડી પાડયા હતાં. સે-૧૩ પ્લોટ નં. ૪૯૪/૧માં રહેતા ગૌરાંગ મલજી સોલંકી, સે-૪ પ્લોટ નં. ૮૨/૨માં રહેતા રશીદ પટેલ, સે-૨૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં. ૩/૧૩માં રહેતા જાલીદ ઈબ્રાહીમ કુરેશી અને સે-૧૩ પ્લોટ નં. ૪૯૩/૧માં રહેતા શૈલેષ નરસિંહ મકવાણા મળીને ચાર શખ્સોને પીધેલી હાલતમાં પકડીને ચાર બાઈકો ડિટેઈન કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિલોડાનો યુવાન ગુમ

ગણપતસિંહ નારસિંહ તોમર ઉ.વ.૨૩ રહે. ચિલોડા તા.૨૯મી એપ્રિલના રોજ ચિલોડા મુકામેથી કોઈને કહ્યા સિવાય કયાંક ચાલ્યો ગયેલ છે. ગુમ થનાર મજબુત બાંધાના રંગે ઘઉંવર્ણો મોઢું ગોળ ઉંચાઈ ૫ ફૂટ ૬ ઈંચ છે. ગુજરાતી, હિન્દી, મારવાડી ભાષા જાણે છે. જમણી આંખ ઉપર કાળો જલો પડી ગયેલ છે. લીલા કલરનું ટી શર્ટ અને કાલા કલરનો ચડ્ડો પહેરેલ છે. જેને આ અંગે કોઈ માહિતી હોય તો ચિલોડા પોલીસ સ્ટેશનને જાણ કરવા જણાવેલ છે. ફોન નં. ૦૭૯-૨૩૨૭૬૦૦છે.



### સાહેબની સ્વચ્છતા માટેની ચીવટ

સ્વચ્છતા અભિયાન ધીરે ધીરે નગરજનોને જગાડવાનું કામ કરતું જાય છે પરંતુ હજી પણ સરકારી તંત્રોમાં તે માત્ર ઔપચારિકતા પુરતું સિમીત છે. જો કે કેટલાક સરકારી અધિકારીઓ આ અભિયાનને સફળ બનાવવા અંગત રસ લઈને કામ કરી રહ્યાં છે. આજે ઘ-૬ નજીક મનપા દ્વારા હાથ ધરાયેલ સફાઈ કાર્યમાં આસીસ્ટન્ટ મ્યુ. કમિશનર ચૌધરી સાહેબે જાતે ઉભા રહી નિરીક્ષણ કર્યુ હતું અને સફાઈ કાર્ય યોગ્ય રીતે થાય તેની ચીવટ રાખી હતી.

## ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દેશનું ૧૮૮મુ ઉમિયાધામ નાગપુરમાં આકાર લઈ રહ્યું છે

### ૩૦ એકરમાં નિર્માણ પામનારા આ ઉમિયાધામમાં ૧૦ એકરમાં મંદિર પરિસર અને ૧૫ એકરમાં તળાવ, બાગ-બગીચાનું નિર્માણ : લેઝર શૉ અને નૌકા વિહારનું આકર્ષણ : ૧૦૦૦ દર્શનાર્થીઓને રહેવાની સગવડ

ગાંધીનગર, તા. ૮

ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના નાગપુર ખાતે ૩૦ એકર જમીનમાં કરોડો રૂપિયાના ખર્ચે વિશાળ અને ભવ્યત્તમ ઉમિયાધામનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે. આ અર્વાચીન તિર્થધામ દેશનું ૧૮૮મું ઉમિયાધામ બનશે જેને વર્ષ ૨૦૧૫ માં ખુલ્લુ મુકવામાં આવશે.

આ વિશાળ ઉમિયાધાનમાં ૧૦ એકરમાં મુખ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. જ્યારે બાકીની ૨૦ એકરમાંથી ૧૫ એકર જમીનમાં તળાવ, ફુવારા અને બગીચાનું નિર્માણ કરવામાં આવનાર છે. જ્યારે ૫ એકર જમીનમાં વિશાળ પાર્કિંગ પ્લોટ તૈયાર કરવામાં આવશે. આ ઉમિયાધામ માટે વર્ષ ૨૦૦૨ થી પત્થર ઘડતરનું કાર્ય હાથ ધરાયું હતું. જેમાં રાજસ્થાનના ભરતપુરના સુવિખ્યાત બંસી પહાડના લાલ તથા ગુલાબી પત્થરોથી કરવામાં આવી રહ્યું છે. આ મંદિર નિર્માણ માટે ભૂમિપૂજન વર્ષ-૨૦૦૫ માં કરવામાં આવ્યું હતું. અને સંપૂર્ણ પણે હિન્દુ ધાર્મિક સુસંગતતા અને વાસ્તુશાસ્ત્ર આધારિત આ મંદિરના શિખરની ધ્વજ સહિતની ઉંચાઈ ૧૦૧ ફૂટની હશે. આ મંદિર ત્રણ ગગનચુંબકીય શિખર ધરાવતુ અદ્‌ભૂત મંદિર હશે.

આ ઉમિયાધામનું શિલારોપણ તા. ૧૩મી મે ૨૦૧૩ ના દિવસે મહામંડલેશ્વર સ્વામી પુણ્યાનંદ ગીરીજીના સાનિધ્યમાં તત્કાલીન કેન્દ્રિય મંત્રી પ્રફુલ્લ પટેલ અને મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ અરૂણ ગુજરાતીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ મંદિરનુંપરિસર ૨૦૦X૧૦૦ ફૂટના આકારમાં બનાવાઈ રહ્યુંછે. તેમજ મંદિરના વચ્ચે રંગમંડપ સાથે ત્રણ ચોકીઓ બનાવાઈ છે. મંદિરની એક બાજુએ દશાવતારની કલાત્મક મૂર્તિઓ તો બીજી તરફ નવદુર્ગાના નવ સ્વરૂપ કંડારવામાં આવ્યા છે. ત્રણ શ્રૃંગાર ચોકીમાં રામલીલા દર્શન, કૃષ્ણલીલા દર્શન અને ગરૂડપુરાણ દર્શાવવામાં આવ્યા છે.

આ ભવ્ય ઉમિયાધામમાં મંદિરની ચારે તરફ નયનપ્રિય રમણીય બગીચાઓ, આકર્ષક ફુવારાઓ, રંગબેરંગી કિરણો અને લાઈટીંગ અનોખુ આકર્ષણ સર્જવામાં આવ્યુંછે. બગીચામાં બાલઉદ્યાનમાં શ્રીકૃષ્ણના કદમ વૃક્ષ તળે ગોવાળો સાથેની સંગોષ્ઠિનું અનોખુ દશ્ય સર્જવામાં આવી રહ્યું છે. ૧૫ એકરના તળાવમાં લેઝર શૉ અને સંગીતમય પુવારા દર્શનાર્થીઓને આકર્ષશે તેમજ નૌકાવિહાર પણ કરવાનો લ્હાવો આપવામાં આવશે. આ ઉમિયાધામમાં સંત નિવાસ ઉપરાંત ૧૦૦૦ યાત્રાળુઓના રોકાણની વ્યવસ્થા અને એક સાથે ૩૦૦૦ પ્રેક્ષકોની બેઠક વ્યવસ્થા સાથેનું ઓડીટોરીયમ પણ નિર્માણ પામશે. ઉમિયા ધામમાં એક પ્રાથમિક સારવાર કેન્દ્ર પણ ઉપલબ્ધ કરાવાશે. આમ નાગપુરનું આ ઉમિયા ધામ દર્શનાર્થી ભાવિક ભક્તો માટે ખૂબજ અનોખુ તિર્થસ્થાન બની રહેશે તેમાં શંકાને સ્થાન નથી.

## ખેડૂતોના ખેત ઉત્પાદનને ટેકાના ભાવોથી ખરીદવાની સરકારે વ્યવસ્થા કરવી જોઈએ

હાલ ખરીફ પાકોની આવકો માર્કેટયાર્ડમાં આવવાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે તમામ પાકોના ભાવો જેવા કે કપાસ, મગફળી, ડાંગર જેવા પાકોના ભાવો ટેકાના ભાવોથી પણ ખૂબ નીચી હરાજી થઈ રહી છે. અને કિસાનોની ધોળે દહાડે ઉઘાડી લૂંટ થઈ રહી છે. ખેડૂતોની પડતર કિંમતથી પણ ઘણા નીચે ભાવે વેચવાની મજબુરીથી ફરજ પડી રહી છે ત્યારે રાજય સરકારે તાત્કાલિક યુદ્ધના ધોરણે ટેકાના ભાવોથી ખરીદવા માટેનું તંત્ર ગોઠવવું જોઈએ. તેવી માંગણી કરતા પત્રો મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, કૃષિ મંત્રીઓ બાબુભાઈ બોખિરીયા અને ગોવિંદભાઈ પટેલ વિગેરેને મોકલી આપ્યા છે. અને માત્ર સારા ચૂંટણી ઢંઢેરા અને જાહેરાતો નહીં પણ આવી પરિસ્થિતિ સર્જાતાં નકકર કામગીરી કરવા પણ સરકારે આગળ આવવું જોઈએ તેમ ભારતીય કિસાનસંઘે જણાવ્યું છે.

કિસાનોની પોષણક્ષમ ભાવ આપવાની નીતિ માટેના અલગ પત્રથી કેટલીક રજુઆતો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પણ કરવામાં આવેલ છે. જેમાં ફોરવર્ડ માર્કેટ કમિટી (એફએમસી) પર પ્રતિબંધ લગાવવો, ખેતી પેદાશની આયાત-નિકાસ નીતિમાં કિસાનોના હિતોને ધ્યાનમાં રાખીને આમૂલ પરિવર્તન કરવું તેમજ ટેકાના ભાવથી ભાવ નીચા જાય કે તરત જ કટોકટીની જેમ તાત્કાલિક પૂર્વ એકશન પ્લાન કરીને પૂરાં નાણાં, ગોડાઉન સ્ટાફ-બારદાન વિગેરેથી વ્યવસ્થા કરી તમામ તાલુકા કેન્દ્રો પર ખરીદીનું તંત્ર ગોઠવીને કિસાનોને આપાત કાલીન પરિસ્થિતિમાંથી બચાવી લેવા યોજનાનો વિચાર કરવાનો સમય પાકી ગયો છે. જે પૈકી ઘણી બાબતોનો ઉલ્લેખ સંસદની ચૂંટણીઓમાં ઢંઢેરા અને સભાઓમાં થયો છે ત્યારે કેન્દ્ર સરકાર આ પડકારને ઉપાડી લઈ કસોટીમાંથી ખરી ઉતરે તેમ સમગ્ર કિસાન સમાજ અપેક્ષા રાખી બેઠા છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪
સૂર્યાસ્ત : ૬.૧૯

### તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૪૯ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
બેંગ બેંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
હૈદર : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
હૈદર : ૧૧.૦૦
૩ એ.એમ. : ૨.૩૦
ખૂબસૂરત : ૪.૪૫
ગોવિંદુદુ અન્ડારીવાડેલે : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
બેંગ બેંગ : ૧૦.૦૦
હૈદર : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
હૈદર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
હૈદર : ૧૨.૩૦, ૬.૩૦

### આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકેછે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બનેછે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

### ચિરવિદાય

- સ્વ. બંસીલાલ ગીરધરલાલ સુખડીયા (ઉ.વ.૭૯) પ્લોટ નં. ૨૮૮, ગ્રાઉન્ડ ફલોર, સેક્ટર-૨૦
- સ્વ. પટેલ માણેકલાલ મફતલાલ (ઉ.વ.૭૦) ગામ - રાંધેજા, તા.જી. ગાંધીનગર